# સ્પોર્ટ્સ લાઇન

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

૧૫ મંગળવાર ૨૯ એપ્રિલ, ૨૦૨૫ IPL 2025





આજની મેચ DC v/s KKR ▶ સમયઃ સાંજે 7.30 વાગ્યે ▶ સ્થળઃ દિલ્હી

| ટીમ | મેચ | જીત | હાર | પોઇન્ટ | રન રેટ |
|---|---|---|---|---|---|
| RCB | 10 | 07 | 03 | 14 | 0.521 |
| GT | 08 | 06 | 02 | 12 | 1.104 |
| MI | 10 | 06 | 04 | 12 | 0.889 |
| DC | 09 | 06 | 03 | 12 | 0.482 |
| PBKS | 09 | 05 | 03 | 11 | 0.177 |
| LSG | 10 | 05 | 05 | 10 | -0.325 |
| KKR | 09 | 03 | 05 | 07 | 0.212 |
| SRH | 09 | 03 | 06 | 06 | -1.103 |
| RR | 09 | 02 | 07 | 04 | -0.625 |
| CSK | 09 | 02 | 07 | 04 | -1.302 |

## ભારતીય મહિલા બેઝબોલ ટીમ એશિયન કપ માટે ક્વોલિફાય

બેંગકોક, તા. 28 : ભારતીય મહિલા બેઝબોલ ટીમે સોમવારે અહીં ચાલી રહેલી ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટની ફાઇનલમાં પહોંચીને એશિયન કપ માટે ક્વોલિફાય કર્યું હતું. ભારતે થાઇલેન્ડને 6.5 થી હરાવીને સુપર રાઉન્ડ તબક્કામાં બીજા સ્થાને રહ્યું જ્યારે ઇન્ડોનેશિયા ટોચ પર રહ્યું હતું. સુપર રાઉન્ડમાંથી ટોચની બે ટીમો એશિયા કપમાં પહોંચી હતી. હવે મંગળવારે ભારતનો મુકાબલો ગોલ્ડ મેડલ માટે ઇન્ડોનેશિયા સામે થશે જ્યારે થાઇલેન્ડ અને પાકિસ્તાન બ્રોન્ઝ મેડલ માટે રમશે. આઠ ટીમોના મહિલા બેઝબોલ એશિયા કપ ક્વોલિફાયર્સમાં, ભારતે પાકિસ્તાન, શ્રીલંકા અને ઈરાનને હરાવીને ગ્રુપ-એમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું જ્યારે ઇન્ડોનેશિયા ગ્રુપ-બીમાં ટોચ પર રહ્યું હતું. સુપર રાઉન્ડમાં, ભારતનો ઇન્ડોનેશિયા સામે પરાજય થયો હતો જ્યારે થાઇલેન્ડ પર વિજય મેળવ્યો હતો.

## AFC અંડર-20 મહિલા ફૂટબોલ એશિયન કપ ક્વોલિફાયર્સમાં ભારત ગ્રુપ-ડીમાં

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઇ) : કુઆલાલંપુરમાં સોમવારે થયેલા ડ્રો બાદ એએફસી અંડર-20 મહિલા એશિયન કપના ગ્રુપ-ડીમાં ભારતને મ્યાનમાર, ઇન્ડોનેશિયા અને તુર્કમેનિસ્તાન સાથે સ્થાન આપવામાં આવ્યું છે. મ્યાનમાર 6 થી 10 ઓગસ્ટ દરમિયાન સિંગલ રાઉન્ડ-રોબિન ફોર્મેટમાં ક્વોલિફાયરના ગ્રુપ ડીનું આયોજન કરશે.

# ગુજરાત ટાઇટન્સે રાજસ્થાન રોયલ્સ સામે 210 રનનો લક્ષ્યાંક મૂક્યો

**શુભમન** ગીલ અને જોસ બટલરની અર્ધસદી અને બંને વચ્ચેની ભાગીદારીથી ગુજરાતે ચાર વિકેટે 209 રન બનાવ્યા

**સાઇ** સુદર્શન અને શુભમન ગીલે ગુજરાતને સારી શરૂઆત અપાવી, રાજસ્થાન વતી મહિષ તિક્શાનાએ બે વિકેટ લીધી



જયપુર, તા. 28 : આઇપીએલમાં આજે સોમવારે અહીં રમાયેલી એક મેચમાં કેપ્ટન શુભમન ગીલ અને જોસ બટલરની અર્ધસદીઓની મદદથી ગુજરાત ટાઇટન્સે ચાર વિકેટે 209 રન બનાવીને રાજસ્થાન રોયલ્સની સામે 210 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યા પછી પ્રથમ દાવ લેવા ઉતરેલા ગુજરાત ટાઇટન્સને સુદર્શન અને ગીલની જોડીએ સારી શરૂઆત અપાવી હતી અને બંનેએ મળીને પ્રથમ વિકેટની 93 રનની ભાગીદારી કરી હતી. સુદર્શન 39 રન કરીને આઉટ થયો તે પછી ગીલ અને બટલરે 74 રનની ભાગીદારી કરી હતી.

ગિલે 29 બોલમાં સિઝનની પોતાની ચોથી અડધી સદી ફટકારી હતી જે તેની આઇપીએલ કેરિયરની 24મી અર્ધસદી પણ હતી. તે 84 રન કરીને આઉટ થયો હતો. જ્યારે બટલર છેલ્લા બોલે બે રન કરીને 50 રન બનાવી નોટઆઉટ રહ્યો હતો. રાજસ્થાન રોયલ્સ વતી મહિષ તિક્શાનાએ બે જ્યારે જોફ્રા આર્ચર અને સંદીપ શર્માએ એક-એક વિકેટ લીધી હતી.

| ગુજરાત ટાઇટન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સુદર્શન કો.પરાગ બો.તિક્શાના | 39 | 30 | 4 | 1 |
| ગીલ કો.પરાગ બો.તિક્શાના | 84 | 50 | 5 | 4 |
| બટલર નોટઆઉટ | 50 | 26 | 3 | 4 |
| સુંદર કો.હેટમાયર બો.સંદીપ | 13 | 8 | 0 | 1 |
| તેવટિયા LB બો.આર્ચર | 9 | 4 | 0 | 1 |
| શાહરૂખ નોટઆઉટ | 5 | 2 | 1 | 0 |
| કુલ (20 ઓવરમાં ચાર વિકેટે) | 209 | | | |

વિકેટપતન : 1/93, 2/167, 3/193), 4/202

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 4 | 0 | 49 | 1 |
| મહિષ તિક્શાના | 4 | 0 | 35 | 2 |
| યદુવિર સિંહ | 3 | 0 | 38 | 0 |
| સંદીપ શર્મા | 4 | 0 | 33 | 1 |
| રિયાન પરાગ | 1 | 0 | 14 | 0 |
| વનિન્દુ હસરંગા | 4 | 0 | 39 | 0 |

# સંઘર્ષરત KKR સામે આજે મિડલ ઓવરોમાં સારી બેટિંગ પર દિલ્હી કેપિટલ્સની નજર

**કેકેઆરના** ગુણવત્તાયુક્ત સ્પિનરો દિલ્હી કેપિટલ્સ સામે મિડલ ઓવરોમાં મુશ્કેલ પડકાર ઊભો કરી શકે છે

**સાંજે** 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



નવી દિલ્હી, તા. 28 (પીટીઆઇ) : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં આવતીકાલે મંગળવારે અહીં કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) સામે રમાનારી મેચમાં દિલ્હી કેપિટલ્સ મિડલ ઓવરોમાં વધુ સારું બેટિંગ પ્રદર્શન કરવાનો પ્રયાસ કરશે. દિલ્હીએ તેમની છેલ્લી ચાર મેચોમાંથી બે હારી છે, જેમાં રવિવારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની હારનો સમાવેશ થાય છે, અને ટીમ લીગ તબક્કાની અંતિમ મેચોમાં હાર ટાળવા માંગશે.

ટોચના ક્રમમાં, અભિષેક પોરેલે આક્રમક વલણ સાથે બેટિંગ કરી છે પરંતુ પાછા ફર્યા પછી, અનુભવી ફાફ ડુ પ્લેસિસને અરુણ જેટલી સ્ટેડિયમની ધીમી પિચ પર સંઘર્ષ કરવો પડ્યો છે અને તેણે ઝડપથી તેની સાથે અનુકૂલન સાધવું પડશે. લોકેશ રાહુલ વર્તમાન સિઝનમાં દિલ્હીનો સૌથી સફળ બેટ્સમેન રહ્યો છે પરંતુ રવિવારે તે સ્પિનરો સામે ઝડપી રન બનાવવામાં નિષ્ફળ રહ્યો હતો. તે સુનીલ નરિન અને વરુણ ચક્રવર્તીની અનુભવી સ્પિન જોડી સામે વધુ સારું પ્રદર્શન કરવા માંગશે. કેકેઆર પાસે ગુણવત્તાયુક્ત સ્પિનરો છે જે યજમાન ટીમ સામે મુશ્કેલ પડકાર ઉભો કરી શકે છે. પંજાબ કિંગ્સ સામે વરસાદથી પ્રભાવિત મેચમાં સંઘર્ષ કર્યા બાદ નાઈટ રાઈડર્સનો આત્મવિશ્વાસ થોડો ઓછો હશે. બોલિંગ વિભાગમાં, દિલ્હીના કેપ્ટન અક્ષર પટેલે છેલ્લી મેચમાં બે વિકેટ લીધી હતી પરંતુ તેને બીજા છેડેથી કોઈ ટેકો મળ્યો ન હતો. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે વિકેટ લેવામાં નિષ્ફળ રહેનાર સ્ટાર ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્ક તેની ભૂતપૂર્વ ટીમ કેકેઆરની નબળાઈઓનો લાભ લેવાનો પ્રયાસ કરશે, જ્યારે કુલદીપ યાદવ મિડલ ઓવરોમાં સતત પ્રદર્શન કરી રહ્યો છે. કેકેઆર પાસે હાલમાં ફક્ત સાત પોઈન્ટ છે અને ટીમ ટેબલમાં સાતમા સ્થાને છે. ટીમ તેની છેલ્લી ત્રણ મેચ જીતી શકી નથી જેમાં તેણે બે હારી છે અને એક મેચ અનિર્ણિત રહી છે.

# BCCI COEમાં સ્પિન કોચની ભૂમિકા માટે સુનિલ જોશી સૌથી મોટો દાવેદાર

**સુનિલ** જોશી ઉપરાંત ગુજરાતના રાકેશ ધ્રુવ અને વિદર્ભના પ્રીતમ ગાંધે અને મહિલા કોચ નુશીન અલ ખાદીરે પણ ઇન્ટરવ્યુ આપ્યા



નવી દિલ્હી, તા. 28 (પીટીઆઇ) : ભારતના માજી ડાબોડી સ્પિનર સુનીલ જોશીએ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) સેન્ટર ઓફ એક્સેલન્સ (સી ઓ ઈ) ખાતે સ્પિન બોલિંગ કોચ પદ માટે પોતાની ઉમેદવારી રજૂ કરી છે. આ વર્ષની શરૂઆતમાં સાઇરાજ બહુતુલેના રાજીનામા બાદ આ પદ ખાલી પડ્યું હતું. બહુતુલે આઇપીએલ ટીમ રાજસ્થાન રોયલ્સ સાથે જોડાયો હતો.

સીઓએ અગાઉ રાષ્ટ્રીય ક્રિકેટ એકેડેમી (એનસીએ) તરીકે ઓળખાતું હતું. તે પહેલા બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સ્થિત હતું. આધુનિક સુવિધાઓથી સજ્જ, સીઓઇ બેંગલુરુ શહેરની બહાર સ્થિત એક વિશાળ કેમ્પસમાંથી કાર્યરત છે. 1996થી 2002 દરમિયાન ભારત માટે 15 ટેસ્ટ અને 69 વનડે રમનાર 54 વર્ષીય જોશી હાલમાં પંજાબ કિંગ્સ આઇપીએલ ટીમમાં રિકી પોન્ટિંગ સાથે કામ કરી રહ્યો છે. તેણે સ્થાનિક સિઝન દરમિયાન ઉત્તર પ્રદેશને પણ કોચિંગ આપ્યું હતું. તેણે બાંગ્લાદેશ રાષ્ટ્રીય પુરુષ ટીમ સાથે સ્પિન બોલિંગ સલાહકાર તરીકે પણ કામ કર્યું છે.

બીસીસીઆઇના સૂત્રોના જણાવ્યા અનુસાર, જોશી સીઓઇના ક્રિકેટ વડા વીવીએસ લક્ષ્મણ, પુરુષ પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત અગરકર અને જનરલ મેનેજર (ક્રિકેટ ઓપરેશન્સ) અબે કુરુવિલાની બનેલી ત્રણ સભ્યોની પેનલ સમક્ષ ઓનલાઇન ઇન્ટરવ્યુ માટે હાજર થયો હતો. ઈન્ટરવ્યુ માટે અન્ય ચાર ખેલાડીઓ પણ રૂબરૂ હાજર રહ્યા હતા, જેમાં ઈન્ડિયા અંડર-19 મહિલા ટીમના કોચ નૂશીન અલ ખાદીરનો પણ સમાવેશ થાય છે. તેના રમતના દિવસોમાં તે ઓફ સ્પિનર હતી. તેણે પાંચ ટેસ્ટ અને 78 વનડેમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે અને છેલ્લા કેટલાક વર્ષોથી એનસીએ સિસ્ટમનો ભાગ છે. રાકેશ ધ્રુવને બીજા મજબૂત ઉમેદવાર માનવામાં આવી રહ્યા છે. તે ગુજરાત અને સૌરાષ્ટ્રનો માજી ડાબોડી સ્પિનર છે. વિદર્ભના અનુભવી ઓફ સ્પિનર પ્રીતમ ગાંધેએ પણ આ પદ માટે ઇન્ટરવ્યુ આપ્યો છે. આ પદ માટેના ઇન્ટરવ્યૂ વિશે પૂછવામાં આવતા, BCCIના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું, “સ્વાભાવિક રીતે સુનીલ જોશી પાસે અન્ય તમામ ઉમેદવારોની તુલનામાં શ્રેષ્ઠ અનુભવ ધરાવે છે.

# લિવરપુલે સર્વાધિક 20મી વાર પ્રીમિયર લીગ ટાઇટલ જીતી રેકોર્ડની બરોબરી કરી





**ટોટનહામને** 5-1થી હરાવી લિવરપૂલે સર્વાધિકવાર પ્રીમિયર લીગ ટાઇટલ જીતવાના માન્ચેસ્ટર યુનાઇટેડના રેકોર્ડની બરાબરી કરી

**લિવરપુલના** 34 મેચમાં 84 જ્યારે આર્સેનલના એટલી જ મેચમાં 67 પોઇન્ટ હોવાથી તે લિવરપુલ સુધી નહી પહોંચી શકે

### સ્ટેડિયમમાં લાલ જર્સીમાં મોટી સંખ્યામાં ચાહકોની હાજરી વચ્ચે ખેલાડીએ કોચ સાથે ગીત ગાઇ ઉજવણી કરી

લિવરપૂલના ખેલાડીઓએ કોચ આર્ને સ્લોટ સાથે ગીત ગાઈને 2020 પછી તેમના પ્રથમ પ્રીમિયર લીગ ટાઇટલની ઉજવણી કરી. આ દરમિયાન, સાલાહે ચાહકો સાથે સેલ્ફી લીધી હતી.જ્યારે ટીમે 2020માં 30 વર્ષના ટાઇટલ દુષ્કાળનો અંત લાવ્યો, ત્યારે કોવિડ રોગચાળાને કારણે સ્ટેડિયમમાં કોઈ ચાહકો નહોતા, પરંતુ આ વખતે ટીમની લાલ જર્સીમાં મોટી સંખ્યામાં દર્શકો હાજર હતા. ચાહકો પાસે મોટા ફ્લાસ્ક હતા જેના પર 20 નંબર લખેલો હતો, જે ટીમના 20મા ટાઇટલનું પ્રતિનિધિત્વ કરે છે.

લિવરપુલ, તા. 28 (એપી) : અહીં રવિવારે રમાયેલી એકતરફી ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલ મેચમાં ટોટનહામને 5-1થી હરાવીને લિવરપુલે 20મી વખત ટાઇટલ જીત્યું હતું અને તેની સાથે જ તેમણે સર્વાધિકવાર આ ટાઇટલ જીતવાના માન્ચેસ્ટર યુનાઇટેડના રેકોર્ડની બરાબરી કરી હતી.

ટોટનહામના ડોમિનિક સોલંકેના 12મી મિનિટે કરેલા ગોલથી શરૂઆતમાં જ પાછળ પડી જવા છતાં, લિવરપૂલે ચાહકોને નિરાશ ન કર્યા અને હાફ ટાઇમ સુધી 3-1ની લીડ મેળવીને તેમને ઉજવણી કરવાની તક આપી હતી. લુઇસ ડિયાઝે 16મી મિનિટે બરાબરીનો ગોલ કર્યો જ્યારે એલેક્સિસ મેક એલિસ્ટરે તેની આઠ મિનિટ પછી ટીમને સરસાઇ અપાવી હતી. કોડી ગોપીકોએ 34મી મિનિટે લિવરપૂલને 3-1થી આગળ કરી દીધું હતું. ઇન્ટરવલ પછી પણ ટીમનો દબદબો ચાલુ રહ્યો હતો અને અનુભવી મોહમ્મદ સાલાહે 63મી મિનિટે ગોલ કરીને ટીમને 4-1ની સરસાઇ પર મૂકી દીધી હતી.

ડેસ્ટિની ઉડોગીના આત્મઘાતી ગોલથી લિવરપૂલ 5-1થી આગળ થઈ ગયા પછી ટોટનહામ માટેવાપસીનો માર્ગ બંધ થઈ ગયો હતો. આ જીત સાથે, લિવરપૂલના 34 મેચોમાં 84 પોઈન્ટ છે જ્યારે બીજા ક્રમે રહેલા આર્સેનલના પણ એટલી જ મેચોમાં 67 પોઈન્ટ છે. હવે આર્સેનલ માટે બાકીની મેચોમાં લિવરપૂલની બરાબરી કરવી અશક્ય છે.

## દક્ષિણ એશિયન યુવા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં ભારતે 13 ગોલ્ડ મેડલ જીત્યા

**ભારતના** છોકરા અને છોકરીઓએ સિંગલ્સ ઉપરાંત ડબલ્સ અને મિક્ષ્ડ ડબલ્સમાં ટોચના સ્થાન મેળવ્યા

કાઠમંડુ, તા. 28 (પીટીઆઇ) : ભારતે દક્ષિણ એશિયન યુવા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરીને 13 ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ જીત્યા હતા. રવિવારે આ વર્ષની યુથ એશિયન ચેમ્પિયનશિપની ક્વોલિફિકેશન સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ વિવિધ કેટેગરીઓમાં પ્રભુત્વ મેળવ્યું હતું. ભારતીય ટીમે અંડર-19 ગર્લ્સ, અંડર-15 બોય્ઝ અને અંડર-15 ગર્લ્સ કેટેગરીમાં ત્રણ ગોલ્ડ મેડલ જીત્યા હતા. ભારતીય ખેલાડીઓએ અંડર-19 અને અંડર-15 ડબલ્સ અને મિક્ષ્ડ ડબલ્સ ઈવેન્ટ્સ સહિત તમામ છ ગોલ્ડ મેડલ પણ જીત્યા હતા. આ ઉપરાંત, ભારતે અંડર-19 છોકરાઓ અને છોકરીઓની સિંગલ્સ ઈવેન્ટમાં ચાર ગોલ્ડ મેડલ જીત્યા હતા. ટીમ ઈવેન્ટ્સમાં, પ્રિથા વર્તિકર, અનન્યા ચંદે, હાર્દિક પટેલ અને દિયા બ્રહ્મચારીએ નેપાળને 3-1થી હરાવીને અંડર-19 ગર્લ્સ ગોલ્ડ મેડલ જીત્યો હતો. પ્રતિતિ પોલ, આરુષિ નંદી, અદવિકા અરવાલ અને તન્મયી સાહાએ શ્રીલંકાને 3-0 થી હરાવીને અંડર-15 ગર્લ્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. અંડર-૧૯ છોકરાઓની સિંગલ્સની ફાઇનલમાં, કુશલ ચોપરાએ સાથી ભારતીય આર બાલામુરુગનને ૩-૧થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો, જેના કારણે ભારતીયોએ ટોચના બે સ્થાનો મેળવ્યા હતા. અંડર-૧૯ ગર્લ્સ સિંગલ્સમાં પણ ટોચના બે સ્થાનો ભારતીયોના નામે રહ્યા, જેમાં અનન્યા ચંદેએ પ્રીથા વર્તિકરને ૩-૧થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો.

## મેસી વિના સિઝનની પહેલી MLS મેચમાં ઇન્ટર મિયામી ડલ્લાસ સામે 3-4થી હાર્યું

ફોર્ટ લોડરહીલ, તા. 28 (એપી) : એમએલએસની સિઝનની પહેલી મેચમાં ઇન્ટર મિયામી ડલ્લાસ સામે 3-4થી હાર્યું ત્યારે લિયોનલ મેસી પ્રાઇવેટ બોક્સમાં બેસેલો હતો. બે ગોલનો એડવાન્ટેજ ધરાવતું ઇન્ટર મિયામી હવે 18 પોઇન્ટ સાથે 5-1-3 પર સરકી ગયું છે. ગુરૂવારે કોનકાકેફ ચેમ્પિયન્સ કપ સેમીફાઇનલનો પહેલો લેગ ઇન્ટર મિયામી વાનકુવર ખાતે હાર્યું હતું અને ઇન્ટર મિયામીની 0-2ની હારમાં મેસી 90 મિનિટ સુધી રમ્યો હતો. બુધવારે ઇન્ટર મિયામીએ સેમીફાઇનલનો બીજો લેગ રમવાનો હોવાથી રવિવારે મેસી માટે રમવું મુશ્કેલ હતું. 81મી મિનિટે પેડ્રિન્હોએ ગોલ કરીને ડલ્લાસ માટે વાપસી કરી હતી. લોગન ફેરિંગ્ટને બેકલાઈન પાર કરતા પહેલા એક બોલ પાછો મેળવ્યો અને 15 યાર્ડથી કન્વર્ટ થયેલા ઓપન પેડ્રિન્હો તરફ સેન્ટર કર્યો હતો.

# નોટિંઘમ ફોરેસ્ટને 2-0થી હરાવીને માન્ચેસ્ટર સિટી એફએ કપ ફાઈનલમાં

**ઈંગ્લીશ** પ્રીમિયર લીગ ટાઇટલ રેસમાંથી બહાર થયાના દિવસે જ ફોરેસ્ટને હરાવી સિટીએ ફાઇનલમાં સ્થાન મેળવ્યું

**એફએ** કપની ફાઇનલમાં માન્ચેસ્ટર સિટીનો મુકાબલો 17મેએ ક્રિસ્ટલ પેલેસ સાથે થશે



લંડન, તા. 28 (એપી) : કોચ પેપ ગાર્ડિઓલાના નેતૃત્વ હેઠળ માન્ચેસ્ટર સિટીની સૌથી ખરાબ સિઝનનો અંત પણ ટ્રોફી સાથે થઈ શકે છે કારણ કે ટીમે રવિવારે વેમ્બલી સ્ટેડિયમ ખાતે નોટિંઘમ ફોરેસ્ટને 2-0થી હરાવીને સતત ત્રીજા વર્ષે એફએ કપ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

સત્તાવાર રીતે ઇંગ્લિશ પ્રીમિયર લીગ ટાઇટલ રેસમાંથી બહાર થઈ ગયા તે દિવસે જ માન્સેસ્ટર સિટીને આ સફળતા મળી હતી. જેને પગલે નિરાશાજનક રહેલી સીઝન વચ્ચે ચાહકોને ઉજવણી કરવા માટે કંઈક મળ્યું હતું. મેચની બીજી મિનિટે રિકો લુઈસે ટીમને લીડ અપાવી હતી જ્યારે ડિફેન્ડર જોસેકો ગાર્ડિઓલે 51મી મિનિટે કોર્નરથી હેડર કરીને સરસાઇ બમણી કરી હતી.

ફોરેસ્ટની ટીમે તે પછી ગોલ કરવાની ત્રણ તકો ઊભી તો કરી હતી પરંતુ ટીમ તેમાંથી એકને પણ ગોલમાં રૂપાંતરિત કરવામાં સફળ રહી નહોતી. સિટી અગાઉ ચેમ્પિયન્સ લીગમાં પણ અંતિમ 16 તબક્કામાં પહોંચવામાં નિષ્ફળ ગયું હતું. એફએ કપ ફાઇનલમાં તેઓ ક્રિસ્ટલ પેલેસ સામે ટકરાશે. આ મેચ 17 મેના રોજ રમાશે.

## અનુસંધાન... પાના પહેલાનું

### સ્પેન-પોર્ટુગલમાં...

સિક્યુરિટી સેન્ટરે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે સાયબર હુમલાને કારણે વીજળી ગઈ હોવાના કોઈ સંકેત નથી. રેડ ઈલેક્ટ્રિકાના ઓપરેશન હેડ એડ્યુઆર્ડો પ્રીટોએ પત્રકારોને જણાવ્યું હતું કે આ ઘટના અભૂતપૂર્વ હતી, તેમણે આ ઘટનાને ‘અપવાદ અને અસાધારણ’ ગણાવી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્પેન અને પોર્ટુગલની રાજધાની પણ હતી. મેડ્રિડમાં સ્પેનની સંસદ બંધ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી, જો કે એક પોર્ટુગીઝ અધિકારીએ જણાવ્યું હતું કે એવું લાગે છે કે સ્પેનમાં વીજળી વિતરણ નેટવર્કમાં સમસ્યા આવી હશે.

### ઈમરજન્સી સેવાઓએ જનરેટરનો ઉપયોગ કર્યો

બંને દેશોમાં હોસ્પિટલો અને અન્ય ઈમરજન્સી સેવાઓ આપતી સંસ્થાઓએ જનરેટરનો ઉપયોગ કર્યો હતો. ગેસ સ્ટેશનોએ કામ કરવાનું બંધ કર્યું હતું.

### સરકારે 16...

મુનીબ ફારૂક, સુનો ન્યૂઝ અને રાઝી નામા સામેલ છે. ‘ગૃહ મંત્રાલયની ભલામણો પર, ભારત સરકારે પહલગામમાં થયેલા દુ:ખદ ત્રાસવાદી હુમલા બાદ ભારત, તેની સેના અને સુરક્ષા એજન્સીઓ વિરુદ્ધ ઉશ્કેરણીજનક અને સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ સામગ્રી, ખોટી અને ભ્રામક વાર્તાઓ અને ખોટી માહિતી ફેલાવવા બદલ પાકિસ્તાની યુટ્યુબ ચેનલો પર પ્રતિબંધ મૂક્યો છે’, એમ અધિકારીઓએ જણાવ્યું. બીબીસી ઇન્ડિયાના વડા જેકી માર્ટિનને લખેલા પત્રમાં, વિદેશ મંત્રાલયે પહલગામ ત્રાસવાદી હુમલાના અહેવાલ પર દેશની તીવ્ર લાગણીઓ વ્યક્ત કરી. તેણે પહલગામ હુમલાના અહેવાલમાં ત્રાસવાદીઓને ‘લડાકુઓ’ તરીકે વર્ણવવા સામે વાંધો ઉઠાવ્યો. એક સમાચારમાં, બીબીસીએ કહ્યું, ‘કાશ્મીરમાં પર્યટકો પર ઘાતક હુમલા બાદ પાકિસ્તાને ભારતીયો માટે વિઝા સસ્પેન્ડ કરી દીધા છે’, સરકારે આને વાંધાજનક ગણાવ્યું.

### 2024માં ભારતનો...

ખંડમાં સૈન્ય ખર્ચ વધતો રહ્યો, જેના કારણે યુરોપિયન સૈન્ય ખર્ચ શીત યુદ્ધના અંતમાં નોંધાયેલા સ્તરથી આગળ વધી ગયો, એમ અહેવાલમાં કહેવાયું હતું.

### દિલ્હી ડાયરી...

ભાર મૂકવાને બદલે સાચા અર્થમાં જનતા સુધી પહોંચવા માટે જમીન પર ઊતરવું જોઈએ અને કામ કરવું જોઈએ.

### ડીસીપીએ સિનિયરની સલાહ લીધા વિના ઇડીને પત્ર લખતાં વિવાદ

તાજેતરમાં દિલ્હી પોલીસ મુખ્યાલયમાં એક ડીસીપી-રેન્કના અધિકારી સાથે વિવાદ થયો હતો, જેમણે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને પત્ર લખીને દિલ્હીની બહારના વિસ્તારોમાં કાર્યરત ગેંગસ્ટરો/ગુનેગારો સામે મની લોન્ડરિંગ તપાસની માગણી કરી હતી.અધિકારીએ નેતાને ઈડીમાં મોકલતા પહેલા તેના વરિષ્ઠ અધિકારીઓ સાથે સલાહ લીધી ન હતી. આના પરિણામે વિભાગમાં વિવાદ શરૂ થયો હતો. અહેવાલ મુજબ, અધિકારી પત્ર પાછળનો પોતાનો હેતુ સ્પષ્ટ કરવા માટે પોલીસ મુખ્યાલય ગયા હતા, પરંતુ વરિષ્ઠ અધિકારીઓને મળવાનો સમય મળ્યો નહીં અને મુલાકાત લીધા વિના પાછા ફર્યા હતા. બાદમાં તેમના વરિષ્ઠ અધિકારીઓએ અધિકારીને કહ્યું કે, બીજી તપાસ એજન્સીને આવો પત્ર મોકલતા પહેલા તેમનો સંપર્ક કરો. પોલીસ સંગઠનના કામકાજમાં ચોક્કસપણે સત્તાવાર પ્રોટોકોલનો મુદ્દો સામેલ છે. સંબંધિત અધિકારી આનું પાલન કરવામાં દેખીતી રીતે નિષ્ફળ ગયા છે.

### દેશનું નામ ‘વસાહતી ભારત’થી બદલીને ‘ભારત’ કરવા માટે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની એક સંસ્થા દેશનું નામ ‘વસાહતી ભારત’થી બદલીને ‘ભારત’ કરવા માટે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચલાવવાની યોજના બનાવી રહી છે. જ્ઞાન મહાકુંભ પછી આરએસએસનું એક મુખ્ય સંગઠન શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, ‘એક રાષ્ટ્ર, એક નામ: ભારત’ નામનું સહી અભિયાન શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે. ત્યાર બાદ સંગઠન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને રજૂઆત કરશે. રસપ્રદ વાત એ છે કે, સંગઠન પહેલાથી જ મધ્ય પ્રદેશની ચાર યુનિવર્સિટીઓને આ માટે ઠરાવ પસાર કરાવવામાં સફળ રહ્યું છે. આજકાલ દેશનું નામ બદલવાના પ્રયાસોના પ્રવાહમાં આ એક બીજું પગલું છે. આરએસએસ અને વ્યાપક સંઘ પરિવાર માટે આનું વૈચારિક મહત્ત્વ હોઈ શકે છે, નામ બદલવાથી ઇતિહાસને વિકૃત કરવામાં કે રાષ્ટ્રના વિકાસમાં કોઈ મદદ મળશે નહીં. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શાસક ભાજપ અને આરએસએસ બંનેએ આ મુદ્દા પર સ્પષ્ટ વલણ અપનાવવું જોઈએ અને નામ બદલવાની રાજનીતિથી થતા કોઈપણ ભય કે મૂંઝવણને અટકાવવી જોઈએ.